# મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.ર, અમદાવાદ.

**C.C.NO. 4573/2020**
**આંક–**

**<u>ફરીયાદી:–</u>** ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી:</u>** નરેશભાઈ ખુશાલભાઈ મકવાણા

**<u>ગુન્હો : ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ ૬૬(૧)(બી) ૬૫(એ)(ઈ),૧૧૬(બી) મુજબ</u>**

## <u>ઠરાવ</u>

૧). આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી સભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણનથી.ફરીયાદીનો રીપોર્ટ કે આરોપી સામે અન્ય કોઈ ગુનો બહાર આવેલ નથી તે ધ્યાને લીધો. <u>વળી હાલ કોરોના ને કારણે લોકોની આર્થીક પરીસ્થિતિ માં ઘટાડો જોતાં દંડ યોગ્ય રીતે કરવો ન્યાયી જણાય છે</u>.

(ર). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ /પ્લી રજુ કરેલ છે જે ખુબ ગરીબ છે તથા એક માત્ર કમાનાર હોઈ દંડ ભરવા મુદત આપવા સારુ તથા ઓછી સજા કરવા દયાની માગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે.આ કામના ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લઈ તથા આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હોઈ નીચે મુજબનો હુકમ કરુ છુ.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વેચ્છીક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે **<u>ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.ર૦૦૫(૧) પાના નં. ૭૦૯)</u>** આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

## <u>હુકમ</u>

આરોપીને ક્રીમીનલ પ્રો.કોડની કલમ ર૫ર મુજબ ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ **<u>૬૬(૧)(બી) ૬૫(એ)(ઈ),૧૧૬(બી)</u> વિ.**ના ગુનામાં ગુન્હેગાર ઠરાવી દરેક આરોપીને **રુ.૫૦૦/–પુરા (અંકે પાંચસો રુપીયા પુરા)નો** દંડ ફરમાવવામાં આવે છે.જો આરોપી દંડ ન ભરે તો દીન–ર ની સાદી કેદની સજા ફરમાવુ છુ.

મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ અંગે અગાઉ હુકમ થયેલ હોય તે કાયમી રાખવામાં આવે છે/જો મુદ્દામાલ અંગે હુકમ થયેલ ન હોય તો ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૪૫ર મુજબ ઓળખીન ખરાઈ કરીને ફરીયાદીને સોંપવાનો હુકમ કરવામાં આવે છે./વિદેશી દારુની બોટલનો અપીલ સમય વીત્યા બાદ નાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**કોર્ટ નં:ર– મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ**

**(હીના જીતેન્દ્રભાઈ બ્રહમભટ્ટ)**
**ઈ/ચા.**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ(કોર્ટ નં.ર)
જીજે–૦૧૧૭ર

ઠરાવ બાદ આરોપી ખુબ ગરીબ હોઈ તે ટીઆરસી માટે તૈયાર છે. પણ દંડ ભરવા મુદત માંગેલ છે. તેથી દંડ ભરવા મુદતઃ– ૧૩/૫/ર૦ર૩ સુધી સમય આપેલ છે. તે દીવસે દંડ જમા લેવો. તથા કેસનો નીકાલ કરવો. દંડ કલમ ર૦૬ સીઆરપીસી મુજબ એડવોકેટ કે ઈષ્ટ મીત્ર ધ્વારા લઈ શકાશે

## <u>વધુ હુકમઃ</u>

**આજ સ્પેશીયલ સીટીંગમાં દંડની રકમ ચુકતે થયેલ હોઈ આ કેસનો નીકાલ ગણવો.**
આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

**કોર્ટ નં:ર– મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ**
તા.૧૩/૫/ર૦ર૩

**(હીના જીતેન્દ્રભાઈ બ્રહમભટ્ટ)**
**ઈ/ચા.**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ(કોર્ટ નં.ર)
જીજે–૦૧૧૭ર